Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૨/૧૪૩૦૫ તા.૦૨/૧૨/૨૦૨૨

પરિપત્ર-૨૮૬૮

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, તેમની કોલેજ, માન્ય અનુસ્નાતક કેન્દ્ર અને ભવનોમાં નીચે મુજબના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તમામ (રેગ્યુલર અને રીપીટર) વિદ્યાર્થીઓના ઇન્ટર્નલ માર્ક તથા પ્રાયોગિક પરીક્ષાના ઇન્ટર્નલ/એક્સ્ટર્નલ માર્ક (લાગુ પડતું હોય ત્યાં) ની ઓનલાઈન એન્ટ્રી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ નીચે દર્શાવેલ સમયમર્યાદા સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

અભ્યાસક્રમ	સેમેસ્ટર	અંતિમ તારીખ
બી.સી.એ., બી.એસ.ડબ્લ્યુ., બી.બી.એ., બી.આર.એસ., બી.આર.એસ. (ઓનર્સ), એમ.એસ.ડબ્લ્યુ. એમ.આર.એસ.	૧	૧૭/૧૨/૨૦૨૨
એમ.એ., એમ.કોમ., એમ.એસસી.	૧	૨૮/૧૨/૨૦૨૨
બી.એ., બી.કોમ. અને બી.એસસી.	૩	૨૮/૧૨/૨૦૨૨

તમામ આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓએ ઓનલાઈન એન્ટ્રી કરેલ ઇન્ટર્નલ માર્ક તથા પ્રાયોગિક પરીક્ષાના ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ માર્કની પ્રિન્ટ આઉટ પોતાના સહી-સિક્કા સાથે જે-તે અભ્યાસક્રમની માર્ક એન્ટ્રીની અતિમ તારીખ પછીના દિન-૨ માં બંધ કવરમાં યુનિવર્સિટીમાં ફક્ત રૂબરૂમાં જમા કરાવવાની રહેશે

સંબંધિત વિભાગો/માન્ય પી.જી. કેન્દ્રો/કોલેજો દ્વારા ઓનલાઈન એન્ટ્રી કરેલ ઇન્ટર્નલ માર્ક તથા પ્રાયોગિક પરીક્ષાના ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ માર્કની પ્રિન્ટ આઉટ યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ તેમાં કોઈપણ ફેરફાર કરી શકાશે નહી. વધુમાં આ ગુણના અભાવે આપની કોલેજના વિદ્યાર્થીઓના પરિણામ અનામત રાખવામાં આવશે અને તેની સઘળી જવાબદારી આપશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.